# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ગોધરા–૩૮૯ ૦૦૧

## "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ"
## ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી






કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરાના બેઝિક એન્જીનીયરિંગ અને એપ્લાઈડ સાયન્સીસ વિભાગ દ્વારા આપણા રાષ્ટ્રની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે "**અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ - શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ**" યોજના અંતર્ગત તારીખ ૦૫-૦૩-૨૦૨૨ ના રોજ "**ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી**" વિષય ઉપર **નિબંધ સ્પર્ધાનું** આયોજન ડૉ. બ્રિજેશ અમીન, મદદનીશ પ્રાધ્યાપક અને કન્વીનર તથા ડૉ. કે. એલ. ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને કો-કન્વીનર દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં મહાવિદ્યાલયના ૧૪૨ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. જેમાંથી ૧૩ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. આ **સ્પર્ધા**માં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓએ "**ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી**" વિષય પર ખુબજ રસપ્રદ નિબંધ લખેલ હતા. ઉપરોક્ત સ્પર્ધામાં ડૉ. બ્રિજેશ અમીન, મદદનીશ પ્રાધ્યાપક અને કન્વીનર તથા ડૉ. કે.એલ. ડાભી, મદદનીશ પ્રાધ્યાપક અને કો-કન્વીનરે વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરેલ હતા. સદરહુ કાર્યક્રમમાં અત્રેના મહાવિદ્યાલયના આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ, ડૉ. પંકજ ગુપ્તા, નોડલ ઓફિસર; ડૉ. આર. સી. સાળુંખે તથા ડૉ. કે. આર. જેઠવા - મદદનીશ નોડલ ઓફિસર તથા મહાવિદ્યાલયના તમામ અધિકારી તેમજ કર્મચારી ગણ ઉપસ્થિત રહેલ હતાં. સદર સ્પર્ધાનું સંચાલન ડૉ. બ્રિજેશ અમીન તથા અંતમાં આભાર વિધિ ડૉ. કે. એલ. ડાભી દ્વારા કરવામાં આવેલ હતી.